આરબીઆઈ/2004-2004/213
સી ઓ. ડી ટી. નં. 15-02-001/એચ-3484-3520/2001-05

7 ઓક્ટોબર, 2004

અશ્વિન 15, 1926 (એસ)
ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર
સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા/એસોસિયેટ બેંકો
15 જાહેર ક્ષેત્રની બેંકો
માનનીય સાહેબ
જાહેરક્ષેત્રની બેંકો દ્વારા સિનિયર સિટિઝન્સ સેવિંગ્ઝ
સ્કીમ (2004)નું સંચાલન

1. આપને જાણ હશે કે 2 ઓગસ્ટ, 2004ના ભારત સરકારના જાહેરનામા ક્રમાંક જીએસઆર-490 (ઇ)ના નિયમો હેઠળ પોસ્ટ ઓફિસો મારફત 2 ઓગસ્ટ 2004 થી સિનિયર સિટિઝન્સ સેવિંગ્ઝ સ્કીમ (એસસીએસએસ) 2004 અમલમાં આવી છે. ભારત સરકારે હવે ઉપરની યોજના જાહેર ક્ષેત્રની બેંકોની તમામ શાખાઓથી જ્યાં પીપીએફ સ્કીમ, 1968 (ઓફિસ મેમોરેન્ડમ નં. 2-8/2004-એનએસ-II, તા. 30 સપ્ટેમ્બર, 2004) અમલમાં મૂકવાનો નિર્ણય લીધો છે. ઉપરની યોજનામાં એજન્સી બેંકોની ભાગીદારી પીપીએફ સ્કીમ, 1968 મુજબ હશે. અમે 2.8.2004ના જાહેરનામાની અને 30.07.2004 ના મેમોરેન્ડમની 10-10 નકલો આપની માહિતી માટે મોકલીએ છીએ.

2. 30.9.2004ના ઓફિસ મેમોરેન્ડમથી એવું જાણવા મળે છે કે ભારત સરકારે સ્કીમના અમલ માટે નીચેની પ્રક્રિયા નક્કી કરી છે.

(અ) સ્ટાન્ડર્ડાઇઝ્ડ એજન્સી સિસ્ટમ (એસએએસ) હેઠળ કલમ કરતા સ્મોલ સેવિંગ્ઝ એજન્ટ્સ આ સ્કિમ હેઠળ ફંડ એકઠું કરી શકે છે અને આવા એજન્ટો ડિપોઝીટ પર 0.5% (અડધો ટકો)ના દરે કમિશન ચૂકવવામાં આવશે. `એટ સોર્સ કમિશન પેમેન્ટ સિસ્ટમાં જે પીપીએફ એજન્ટો માટે ઓફિસ મેમોરેન્ડમ નં. 18-5-99 - એનએસ-II માટે 10 ફેબ્રુઆરી, 2004 થી અને 20 મે 2004 થી સ્વીકારાય છે. તેને આર્થિક બાબતોના વિભાગ, નાણામંત્રાલય દ્વારા એસસીએસએસ હેઠળ ફંડ એકઠું કરતા એજન્ટો માટે પણ અમલમાં મૂકી શકાશે. અહીં એ બાબતની નોંધ લેવી જરૂરી છે કે એસએએસ એજન્ટો નિવૃત કર્મચારીઓ માટેની જુની ડિપોઝીટ સ્કિમ હેઠળ ફંડ એકઠું કરતા હતા.

(બ) આ યોજના હેઠળ વિવિધ લેવડદેવડની એકાઉન્ટિંગની પ્રક્રિયા વિચારણા હેઠળ છે આને પેન્ડિંગ રાખતા આ સ્કીમ હેઠળ લેવડ દેવડને નીચે મુજબ વર્ગીકૃત કરી શકાય છે.

(i) ડિપોઝીટ અને મૂળ રકમનો ઉપાડ : મેજર હેડ : 8001-નેશનલ સેવિંગ્ઝ ડિપોઝિટ્સ 00-103-ફિક્સ્ડ એન્ડ ટાઈમ ડિપોઝીટ.

(ii) ડિપોઝિટર્સને વ્યાજની ચૂકવણી : મેજર હેડ : 8008 નેશનલ સ્મોલ સેવિંગ્ઝ ફંડની આવક અને ખર્ચ : 02 સબસ્ક્રાઈબરને વ્યાજની ચૂકવણી : 101-નેશનલ સેવિંગ્ઝ ડિપોઝિટ પર વ્યાજ.

(iii) એજન્ટોને ચૂકવવાપાત્ર કમિશન : મેજર હેડ : 8008 : નેશનલ સ્મોલ સેવિંગ્ઝ ફંડ પર આવક અને ખર્ચ : 03 મેનેજમેન્ટ કોસ્ટ 103 - એજન્ટોને કમિશનની ચૂકવણી : 02. બેંકો દ્વારા કમિશનની ચૂકવણી : 01 - એસએએસ એજન્ટોને કમિશનની ચૂકવણી : 50 - અન્ય ચાર્જીસ.

(ક) આપને સલાહ આપવામાં આવે છે કે આપની શાળાઓને એસસીએસએસ 2004 ના અમલીકરણની જાણ કરી દેવી અને આવશ્યક સ્ટેશનરી વગેરે રાખવા તેમને સજ્જ કરવી. ભારત સરકાર આ સ્કીમ 1-11-2004 થી મોડે નહીં એમ વહેલી તકે જાહેર ક્ષેત્રની બેંકો (પીએસબી) મારફત આ સ્કીમ અમલમાં મૂકવા આતુર છે. તેથી અમે એસસીએસએસ-2004ના વ્યવસ્થિત અમલ માટે આવશ્યક કદમ ઉઠાવવા જણાવીએ છીએ.

3. અમે પૂરવણી-1 પણ જોડેલી છે જેમાં બેંકોએ પાલન કરવું હોય તેવી તમામ બાબતો આપતી માહિતી માટે અપાઈ છે. એસસીએસએસ-2004ની હાઈલાઈટ આપના માર્ગદર્શન માટે પૂરવણી-2માં અપાયેલી છે.

4. ઉપરની બાબતોને ધ્યાનમાં રાખીને આપને તમારી તમામ ઝોનલ/ડિવિઝનલ/માસ શાળાઓને અમારી સૂચનાનું પાલન કરવા જણાવી શકો છો. આપની શાળા પર 1 નવેમ્બર 2004થી મોડું ન થાય તેમ

વહેલુ તકે એસસીએસએસ-2004ની ડિપોઝીટ સ્વીકારવામાં આવે તેની ખાતરી કરવા સલાહ આપવામાં આવે છે.

5. કૃપા કરીને સ્વીકૃતિ રસીદ આપો.

આપનો વિશ્વાસુ

(બી.બી.સંગ્મા)
મૂખ્ય પ્રબંધક
બિડાણ : ઉપર મુજબ

**સિનિયર સિટિઝન્સ બચત યોજના, 2004**

1. હિસ્સેદાર બેંકો - પીપીએફ સ્કીમ, 1968 ઓપરેટ કરતી હોય તેવી જાહેરક્ષેત્રની બેંકો (પીએસપી)ની તમામ નિર્ધારિત શાખાઓમાં આ સ્કીમ અમલમાં આવશે.
2. ફંડના ટ્રાન્સફર માટે રિપોર્ટિંગ અને એકાઉન્ટિંગની પ્રક્રિયા.
   અ. પીએસબીની શાખાઓ એસસીએસએસ-2004માં ભરવાની રકમ નાગપુર ખાતે વર્તમાન ધોરણો પ્રમાણે દૈનિક ધોરણે લિંકસેલ પર જમા કરાવી શકાશે. જેની ક્રેડિટ સેન્ટ્રલ એકાઉન્ટ્સ સેક્શન, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, નાગપુર માટે ગવર્નમેન્ટ એકાઉન્ટ ખાતે રહેશે. આ ઉપરાંત વર્તમાન ધોરણો પ્રમાણે સ્વીકૃતિના 3 દિવસ બાદ ગવર્નમેન્ટ એકાઉન્ટમાં જે રકમ ચૂકવાશે તેના પર કુપન રેટ પર વ્યાજ રૂપે દંડ લાગશે.
   બ. એજન્સી બેંકો દ્વારા નીચેની રિપોર્ટિંગ સિસ્ટમનું પાલન કરવામાં આવશે.
      (i) એસસીએસએસ, 2004 સંબંધિત લેવડદેવડ કરતી એસબીઆઈની ખાસ શાખાઓ સીધી રીતે અથવા તેમની નોડલ બ્રાન્ચથી જીએડી, નવી દિલ્હીને રિપોર્ટ કરશે. એસબીઆઈ, જીએડી, નવી મુંબઈ તેનો બ્રાન્ચ પ્રમાણે અને રાજ્ય પ્રમાણે વિગતોનો અહેવાલ સીએએસ, નાગપુરને ફંડના સેટલમેન્ટ માટે સોંપશે. અંતિમ રેકર્ડ માળખું એસસીએસએસ, 2004ના લેવડદેવડ માટે સેન્ટ્રલ એકાઉન્ટ્સ સેક્શન, નાગપુર ખાતેથી મેળવી શકાશે.
      (ii) એસોસિયેટ બેંકો અને જાહેરક્ષેત્રની બેંકોની નિર્ધારિત શાખાઓ એસસીએસએસ-2004 હેઠળ સીધી રીતે અથવા નોડલ શાખાઓને ટ્રાન્સેક્શનની વિગતો નાગપુર ખાતે તેમના લિન્ક સેલને આપશે.
      (iii) નાગપુરમાં એસોસિએટ બેંકો અને જાહેરક્ષેત્રની બેંકોના લિન્ક સેલ્સ વિગતો એકઠી કરીને તેનો રાજ્ય પ્રમાણે શાખા પ્રમાણે લેવડ દેવડનો અહેવાલ દૈનિક ધોરણે સીએએસ, નાગપુરને મોકલી શકશે અને સીએએસ, નાગપુરમા ફંડનું સીધું સેટલમેન્ટ કરી શકશે. એસસીએસએસ, 2004ને સંબંધિત લેવડદેવડનું રેકર્ડ સ્ટ્રક્ચર સેન્ટ્રલ એકાઉન્ટ્સ સેક્શન, નાગપુરથી મેળવી શકાશે.
      (iv) જિલ્લા સ્તરે સ્ટેટ બેંક ઓફ ઇન્ડીયાની નોડલ શાખા, એસોસિયેટ બેંકો અને જાહેરક્ષેત્રની બેંકોના આવા રિપોર્ટ નહીં સ્વીકારી શકે અને એસસીએસએસના એકાઉન્ટ લેવડ દેવડના ફંડ સેટલ નહીં કરે.
      (v) અમદાવાદ, બેંગ્લોર, ભુવનેશ્વર, કોલકત્તા, ગુવાહાટી, હૈદરાબાદ, જયપુર, કાનપુર, ચેન્નઈ, મુંબઈ, નાગપુર, નવી દિલ્હી, પટના અને થિરૂબનંતપુરમ ખાતે આરબીઆઈની ઓફિસ એસોસિયેટ બેંકો અથવા જાહેર ક્ષેત્રની બેંકો પાસેથી એસસીએસએસ, 2004ની લેવડદેવડને લગતા રિપોર્ટ નહીં સ્વીકારે.
3. નાગપુર/એસબીઆઈ, જીએડી, નવી મુંબઈ ખાતે એજન્સી બેંકોના લિંક ક્ષેત્રે એક માસિક અહેવાલ પ્રિન્સિપાલ એકાઉન્ટ્સ ઓફિસર, ડિપાર્ટમેન્ટ ઓફ ઇકોનોમિક અફેર્સ, નાણા મંત્રાલય, ભારત સરકાર, નવી દિલ્હીને અને આ વિભાગનને જે મહિનાને લગતો અહેવાલ હોય તેના પછીના મહિનાના પ્રથમ સપ્તાહમાં મોકલવાનો રહેશે.

પુરવણી - 2
સિનિયર સિટિઝન્સ બચત યોજના, 2004
યોજનાનો સમયગાળો
5 વર્ષ જે વધુ 3 વર્ષ માટે લખાવી શકાય.
વ્યાજનો દર
9% પ્રતિ વર્ષ

ચક્રવૃદ્ધિ વ્યાજની ગણતરી
ત્રિમાસિક
વ્યાજ સંપૂર્ણપણે કરપાત્ર છે.
રોકાણ શાના ગુણાંકમાં થશે.
રૂ. 1000
મહત્તમ રોકાણ મર્યાદા
રૂ. 15 લાખ
લઘુત્તમ લાયકાતની વય.
60 વર્ષ (સ્વૈચ્છિક અથવા ખાસ સ્વૈચ્છિક નિવૃત્તિ યોજના હેઠળ નિવૃત થયા હોય તેમના માટે 55 વર્ષ)
અધુરી મુદતે ઉપાડની સુવિધા
1 વર્ષ સુધી જાળવ્યા બાદ પેનલ્ટી સાથે
ટ્રાન્સફરની સુવિધા
પ્રાપ્ય નથી.
ટ્રેડની સુવિધા
પ્રાપ્ય નથી.
નોમિનેશનની સુવિધા
પ્રાપ્ય છે.
હોલ્ડિંગનો પ્રકાર
સામાન્ય રીતે સિંગલ, જોઈન્ટની સુવિધા છે પરંતુ માત્ર દંપતિને જ લાભઆર્થી સાથે સંયુક્તમાં એકાઉન્ટ ખોલવા દેવામાં આવશે.
અરજીપત્રકોની સુવિધા
પોસ્ટ ઓફિસ દ્વારા અને જાહેરક્ષેત્રની બેંકોની નિશ્ચિત શાખાઓ દ્વારા.